**કૃપાકરી પ્રસિધ્ધી માટે-** **૨૪ જૂન ૨૦૧૦**

## ભાજપ સાંસદ - ધારાસભ્યોની ગુણવત્તાસંવર્ધન માટે
## રામ નાઈક નાં નેતૃત્વ તળે નવો સેલ

**મુંબઈ, ગુરવાર :** આખાદેશ નાં ભાજપ સાંસદ અને ધારાસભ્યોની કાર્યક્ષમતા અને ગુણવત્તા સંવર્ધન માટે રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નિતિન ગડકરીએ સાંસદ -ધારાસભ્ય વિકાસ પ્રકોષ્ઠ નામક નવા સેલ ની સ્થપના કરી માજી કેંદ્રીય પ્રધાન શ્રી રામ નાઈકની પ્રકોષ્ઠના રાષ્ટ્રીય સંયોજક તરીકે નિમણૂક કરેલ છે.

ઉપલબ્ધ સંસદીય આયુધોનો, કાર્યપ્રણાલી નો સાંસદ - ધારાસભ્યો વધુ પ્રભાવી ઢબે ઉપયોગ કરે તો જનહિતનાં અનેક કાર્યો સરળતાથી થઈ શકે. જનપ્રતિનિધિ ની તેમજ પક્ષ ની છાપ તેનાથી ઉજળી બને છે. માટે આખા દેશનાં સાંસદ - ધારાસભ્યો ની કાર્યક્ષમતાનો વિકાસ થાય તે હેતુએ ભાજપે આ સેલ ની રચના કરી અને શ્રી રામ નાઈકને તે સેલ ના સંયોજક નિમ્યા છે. ત્રણવેળાં ધારાસભ્ય તેમજ પાંચ વેળાં સાંસદ અને છ વર્ષ થી વધુ સમય કેંદ્રિય પ્રધાન તરીકે કાર્ય કરેલ શ્રી રામ નાઇકની કારકિર્દી નોંધનીય રહી છે. વંદે માતરમ્ ગાયન, બૉમ્બે બમ્બઈનું મુંબઈ, સાંસદ નિધી, સ્તનપાન ને પ્રોત્સાહન, ઉપનગરી રેલ્વે ના પ્રશ્ન જેવા અનેક વિષયો સભાગૃહનાં માધ્યમથી તેમણે ઉકેલ્યા. ભાજપની સ્થાપનાથી તેઓ રાષ્ટ્રીય કાર્યકારિણી પર રહ્યાં છે. તેને કારણે આખા દેશનાં નેતાઓની, પક્ષ સંગઠનની તેમને જાણ છે. આ તેમનાં અનુભવો નો સંગઠનને લાભ મળે તેવા હેતુથી તેમને આ નવા પ્રકોષ્ઠની જવાબદારી સોંપવામાં આવેલ છે.

આ નવી જવાબદારી સોંપી શ્રી નિતિન ગડકરીએ દાખવેલ વિશ્વાસ પરત્વે સંતોષ વ્યકત કરતાં સર્વ સાંસદ - ધારાસભ્યોનો સહકાર મેળવી પ્રકોષ્ઠ નો ઉદ્દેશ્ય સફળ થશે, તેવો વિશ્વાસ પણ શ્રી રામ નાઈકે વ્યકત કર્યો હતો.

**(કાર્યાલય સચિવ)**